## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ખબરદાર જો પતંગ-દોરી ખરીદ્યા છે તો... સરકારની ગાઈડલાઈન બહાર પડે પછી જ બધું...!!

# શહેરમાં રાત્રે હોટલ કે ક્લબમાં થર્ટી ફર્સ્ટની પાર્ટી પર પ્રતિબંધ

ગાંધીનગર, તા.૨૭

કોરોનાને કારણે આ વર્ષે ૩૧ ડિસેમ્બરે રાત્રે શહેરની કોઈપણ હોટેલ, ક્લબ, ફાર્મહાઉસમાં પાર્ટી કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. આથી અમદાવાદીઓએ થર્ટી ફર્સ્ટની ઉજવણીની જગ્યાએ ફરવા જવાનો પ્લાન બનાવી દીધો છે. રાજ્યમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, ધોરડો રણોત્સવમાં હોટેલો લગભગ ફુલ થઈ ગઈ છે. ગીર, દીવ, દમણમાં પણ લોકોએ એડવાન્સ બુકિંગ કરાવી દીધા છે. બીજી તરફ રાજ્ય બહાર માઉન્ટ આબુ, ઉદયપુર, જેસલમેર, જોધપુર જેવી જગ્યાઓ માટે અમદાવાદીઓએ બુકિંગ કરાવ્યાં છે. જ્યારે થર્ટી ફર્સ્ટ સેલિબ્રેશન માટે સૌથી લોકપ્રિય ગણાતા ગોવામાં પાર્ટી પર પ્રતિબંધ હોવા છતાં ફ્લાઈટનું રિટર્ન ભાડું ૧૦ હજારથી વધીને ૧૫ હજારે પહોંચી ગયું છે. દર વર્ષે એસ.જી.હાઈવે અને સી.જી.રોડ પર મોટી સંખ્યામાં નવા વર્ષની ઉજવણી માટે લોકો ઉમટી પડે છે. પરંતુ આ વર્ષે કોરોનાને કારણે નાગરિકો પર પ્રતિબંધ મૂકાયો છે.

નવાવર્ષની પૂર્વ સંધ્યાથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાશે. ઘરમાં ઉજવણી કરી શકાશેઃ શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ઘરમાં નવા વર્ષની ઉજવણી કરવા પર કોઈ પ્રતિબંધ નથી. સોશિયલ ડિસ્ટન્સ-માસ્ક સહિતના નિયમોનું પાલન થાય અને મોટી સંખ્યામાં લોકો એકત્ર ન થાય તેનું ધ્યાન રાખવું હિતાવહ છે. હોટેલોઃ હાલ કર્ફ્યૂના કારણે રાતના ૯ સુધી ખુલ્લી રહે છે.નવાવર્ષની ઉજવણીમાં હોટેલો મોડી સુધી ખુલ્લી રાખવાની માંગણી યથાવત છે. પરંતુ તંત્રએ હાલ કોઈ સૂચના આપી ન હોઈ ૯ પછી ચાલુ રાખી શકાશે નહીં. નવા વર્ષની ઉજવણી માટે પોલીસે શહેરની એકપણ ક્લબને મંજૂરી આપી નથી. થર્ટી ફર્સ્ટની રાત્રે ક્લબમાં પાર્ટી યોજાય નહીં તે માટે પોલીસે સંચાલકોને સૂચના આપી છે. જો કોઈ પાર્ટી યોજાશે તો કાયદેસરના પગલાં લેવાશે તેવી સૂચના પણ આપી છે.

ફાર્મહાઉસઃ શહેરની હદ બહાર આવેલા ફાર્મહાઉસમાં નવાવર્ષની ઉજવણી કરવાની ગ્રામ્ય પોલીસે કોઈપણ ફાર્મહાઉસને મંજૂરી આપી નથી. જો કે લોકો અંતરિયાળ વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસમાં પાર્ટી કરે તેવી સંભાવના હોવાથી પોલીસ રણનીતિ ઘડવા બેઠક યોજશે. મોટાભાગના લોકો ફરવા માટે જતા હોવાથી ધસારો વધ્યો છે. સરકારી ગાઈડલાઈન મુજબ લોકો એકત્ર થઈ ઉજવણી કરી શકશે. કચ્છ રણોત્સવઃ ૧૦૦ લોકો ભેગા થઈ શકશે, ટેન્ટ સિટીમાં રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાસણમાં દર વર્ષની જેમ આ વખતે નવા વર્ષની રજામાં પ્રવાસીઓ વધુ આવી રહ્યા છે પણ ત્યાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરાતી નથી. માધવપુરમાં રજાના કારણે લોકો ફરવા આવે છે.

દીવઃ દીવમાં રાષ્ટ્રપતિ પ્રવાસે આવ્યા છે, તેથી હાલ કોઈ જાહેરનામું બહાર પડાશે નહીં. પણ જાહેરમાં કોઈપણ પ્રકારની ઉજવણીને મંજૂરી અપાશે નહીં તેવું સત્તાવાળા કહે છે. દમણઃ જાહેરમાં કોઈપણ પ્રકારની ઉજવણી કે ટોળા ભેગા થવા પર પ્રતિબંધ છે. માત્ર કેટલીક હોટેલના હોલમાં ૨૦૦ની મર્યાદામાં સરકારી ગાઈડલાઈન પ્રમાણે પાર્ટી થઈ શકશે. હોટેલોમાં બુકિંગ ફૂલ છે. લોકો હોટેલના રૂમમાં પાર્ટી કરી શકે છે. સાપુતારાઃ અહીં કોઈપણ પ્રકારની ઉજવણી કરવા દેવામાં નહીં આવે. પણ પ્રવાસીઓના ધસારાને કારણે હોટેલો ફૂલ થઈ ગઈ છે. પોળોઃ કોરોનાને કારણે ૩૦-૩૧ ડિસેમ્બરે પ્રવેશ પર પ્રતિબંધ છે.



ઘ-૩ના મેદાન પર રવિવારે ક્રિકેટ રમનારા યુવાનોના ટોળે ટોળાં જોવા મળે છે. દૂર દૂરથી યુવાનો ક્રિકેટ રમવા અહીં આવી પહોંચે છે. હાલમાં શિયાળાના કુમળા તડકામાં છેક ઢળતી સાંજ સુધી અલગ અલગ મેચ રમાતી જોવા મળે છે. જો કે અહીં પણ યુવાનો કોરોનાના નિયમોનું પાલન કરે છે. મોટાભાગના યુવાનો મોંઢે માસ્ક પહેરેલાં જોવા મળી જાય છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહુડી-વિજાપુર માર્ગ પર આજે ભારે ટ્રાફિક જોવા મળ્યો.
- ગાંધીનગર શહેરમાં આજે ત્રિદિવસીય મીની વેકેશનનો અંત આવતાં જ કચેરીઓ ફરીથી ધમધમી ઉઠશે.
- ગાંધીનગર જિલ્લામાં મુખ્યમંત્રી મા અમૃતમ યોજના અંતર્ગત છેલ્લા ૮ મહિનામાં ૯૦૦ થી વધુ કલેઈમ રજુ થયા હતા.
- આજે કોંગ્રેસના ૧૩૬મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે કોંગ્રેસ કાર્યાલય સે-૨૨ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.
- ધી સ્ટેટ ટ્રાન્સપોર્ટ એમ્પ્લોઈઝ કો.ઓ. સોસાયટીના વ્યવસ્થાપક મંડળમાં ભારતીય મજદૂર સંઘના દિલીપભાઈ મકવાણા વિજયી થયા છે.
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમની સત્તાના ચતુર્થ વર્ષમાં આજથી પ્રવેશ્યા છે.
- રાજ્ય સરકાર દ્વારા ઉત્તરાયણ પર્વની ઉજવણી માટેની માર્ગદર્શિકા બુધવાર સુધીમાં જાહેર કરશે તેમ સચિવાલયના સૂત્રોએ કહ્યું છે.

# આયુર્વેદિક કોલેજોમાં એડમીશન લેવા વિદ્યાર્થીઓનો ધસારો

## આમ તો આર્યુવેદનું મહત્વ પૌરાણિકકાળથી ચાલતું આવ્યું છે, એલોપેથીના જમાનામાં આર્યુવેદની ઉપેક્ષા થતી હતી

અમદાવાદ,તા.૨૭

આમ તો આર્યુવેદનું મહત્વ પૌરાણિકકાળથી ચાલતું આવ્યું છે. પરંતુ એલોપેથીના જમાનામાં આર્યુવેદની ઉપેક્ષા થતી હતી. પણ જે પ્રકારે દુનિયાભરમાં કોરોના વાયરસનું સંક્રમણ વધ્યું અને કરોડોની સંખ્યામાં કેસો નોંધાતા અને મોટી સંખ્યામાં લોકોના મોત થતા ફરી આર્યુવેદનું મહત્વ વધ્યું છે. કોરોનાકાળમાં આર્યુવેદ અગ્રેસર રહ્યું છે.

કોરોનામાં રાજ્યમાં ૪૦ ટકાથી વધુ કોરોના દર્દીઓએ આર્યુવેદ સારવાર લીધી છે સાથે જ આર્યુવેદ કોલેજમાં એડમીશન માટે વિદ્યાર્થીઓએ કતાર લગાવી છે. કોરોના કાળમાં આર્યુવેદ આર્શિવાદ રૂપ રહ્યું. રાજ્યમાં ૩૦થી ૪૦ ટકા કોરોના દર્દીઓએ આર્યુવેદ સારવાર લીધી હોવાનું ગુજરાત આર્યુવેદ બોર્ડ ચેરમેન ડૉ.હસમુખ સોનીએ જણાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ઘણા એવા દર્દીઓ હતા કે જેમણે, ઓક્સિજન લેવલ ઓછું હોવાના કારણે જે તકલીફો હતી તેવા દર્દીઓએ પણ આર્યુવેદિકની ઉપચાર પદ્ધતિ અપનાવી અને સારા પરિણામો મળ્યા. દેશના આયુષ વિભાગે યોગ્ય સમયે કોરોનાના દર્દીઓ માટે ગાઈડલાઈન આપી અને કોરોના જેવી મહામારીમાં આર્યુવેદની માંગ વધી છે. જેના કારણે આર્યુવેદ કોલેજોમાં એડમિશન લેવા માટે આ વર્ષે વિધાર્થીઓનો ધસારો જોવા મળ્યો.

હાલ રાજ્યમાં ૨૬માંથી ૧૦ આર્યુવેદિક કોલેજ છે અને આર્યુવેદિકની ૨૦૦૦ સીટો છે. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૩૦ ટકા સીટો ભરાઈ ગઈ છે. માત્ર ભારતના જ નહીં વિદેશના વિદ્યાર્થીઓ પણ આર્યુવેદ ભણવા ગુજરાત આવી રહ્યા છે.

બીજીતરફ નીટની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને ૭૨૦માંથી ૫૬૦ ગુણ આવ્યા હોય જેઓને અસાનીથી મેડિકલ સેલ્ફ ફાયનાન્સ અને ડેન્ટલમાં એડમિશન મળી શકે તેવા વિદ્યાર્થીઓએ પણ આયુર્વેદમાં પ્રવેશ મેળવ્યો છે. મહત્વનુ છે કે, આપણા દેશમાં ઋષિમુનિઓના કાળથી આર્યુવેદનું મહત્વ છે. પણ કોરોનામાં સારવાર માટેની દવા ઉપલબ્ધ નથી તેવા સમયે લોકોમાં રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં પણ આર્યુવેદિક પધ્ધતિ ખૂબ ઉપયોગી સાબિત થઈ.



ઉત્તરાયણના આગમનના એંધાણ રૂપે આકાશમાં છૂટાછવાયા પતંગ ચઢતા નજરે જોવા મળી રહ્યા છે. શાળાઓ બંધ હોવાથી બાળકો ખૂબ જ આનંદપૂર્વક સમય પસાર કરવા પતંગ ચઢાવે છે. પતંગોથી આકાશ ઘેરાય અને દોરી વડે ઈજા થાય તે પહેલા વાહનો પર સેફટીગાર્ડ લગાવવાનું શરૂ થઈ ચુકયું છે. મુખ્ય માર્ગોની આસપાસ આવા સેફટીગાર્ડ લગાવવાવાળા જોવા મળી રહ્યા છે.

# રાયપુર નર્મદા કેનાલ પાસે મળી આવેલ યુવતિના મૃતદેહનો ભેદ ઉકેલાયો

## યુવતિના પતિએ પથ્થરોના ઘા ઝીંકી હત્યા કરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ મથક વિસ્તારમાંથી ગત તા.૨૪ના રોજ ૧૮ થી ૨૦ વર્ષની અજાણી યુવતિનો હત્યા કરાયેલ મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે આ હત્યાનો ગુનો ગાંધીનગર એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખ્યો છે. પોલીસે હત્યા કરનાર તેના પતિને શોધી કાઢી જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચા.૨૪ ડિસેમ્બરના રોજ દહેગામ-નરોડા માર્ગ પર રાયપુર નર્મદા કેનાલ પાસેથી ૧૮ થી ૨૦ વર્ષની અજાણી યુવતિનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવતિના કપાળ તેમજ માથાના ભાગે અને શરીરે કોઈ તિક્ષ્ણ હથીયાર કે બોથડ પદાર્થ મારી હત્યા નિપજાવી હતી. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાયેલ છે. આ હત્યા કેસમાં રેન્જ આઈજી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના આદેશથી વિવિધ ટીમો કામે લાગી ગઈ હતી. ત્યારે એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ




ટીમે તપાસ નો ધમધમાટ શરુ કર્યો હતો. બનાવની જગ્યા પરથી મળી આવેલા પર્સમાં રહેલા આધારકાર્ડથી યુવતિ ઓડિસાની જયોત્સના બ્રુષભભાઈ મોના (રહે.સીલેટપાડા, ઉડેનબુધ્ધ) હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે તપાસ આગળ ધપાવતા મૃતક યુવતિએ ઓડિસાના સુજીત કુંજાભાઈ કુમ્હાર (મુળ, જામઝરણ) સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. જયારે સુજીત દહેગામના ચીસકારી નજીક આવેલી સ્લીકમાયક કંપનીમાં ફરજ બજાવતો હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસે તેને પકડી પાડીને પુછપરછ કરતા તે ભાંગી પડીને ગુનાની કબુલાત કરી હતી. મૃતક જયોત્સના દિલ્હી ખાતે રહેતી હતી, જયારે દહેગામ ખાતે રહેતો તેનો પતિ તેને ફોન કરતા તેનો ફોન વ્યસત આવતો હતો. જેથી પતિને શંકા થઈ હતી કે તેની પત્નીને કોઈ અન્ય વ્યકિત સાથે પ્રેમસંબંધ છે.

જેથી જયોત્સના તા.૨૩ ડિસેમ્બરના રોજ પતિને મળવા માટે દિલ્હી થી કાલુપુર રેલ્વે સ્ટેશન પર આવી હતી. ત્યારે તેને લેવા માટે સુજીત ગયો હતો.બંન્ને વ્યકિત નજીકની હોટલમાં રાત્રી રોકાણ બાદ તા.૨૪ના રોજ દહેગામ ખાતે જવા માટે રવાના થયા હતા. ત્યાર શંકાને પગલે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી જેથી જ્યોત્સના માર્ગમાં વચ્ચે ઉતરી ગઈ હતી અને ચાલતા ચાલતા કેનાલ પાસે ગઈ હતી. જેથી આક્રોશમાં આવેલા પતિએ તેની નજીક જઈને મોંઢાના ભાગે અને માથાના ભાગે પથ્થરો મારીને હત્યા કરી દીધી હતી અને મૃતદેહ ત્યાં જ મુકીને દહેગામ જતો રહ્યો હતો. ત્યારે પોલીસે વિવિધ દિશામાં તપાસ હાથ ધરીને ગણતરીના કલાકોમાં હત્યા કેસ ઉકેલીને મૃતકના પતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લકઝરી બસના પાર્સલમાંથી પોલીસને દારૂ મળી આવ્યો

ગાંધીનગર, તા.૨૭

ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો ચંદ્રાલા નજીક નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે રાજસ્થાન તરફથી ખાનગી લકઝરી બસ આવી હતી. જેને ઉભી રાખી તપાસ કરતા બસની પાછળની ડેકીમાંથી બે પાર્સલ મળી આવ્યા હતા.

પોલીસે પાર્સલ ખોલીને તપાસ કરતા તેમાંથી ૧૬ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે આ પાર્સલ ઉદેપુરથી બાલાજી એન્ટરપ્રાઈઝ નામથી આપ્યું હતુ તેમજ અમદાવાદ ખાતે ભરત ટ્રેડીંગે મંગાવ્યું હોવાનું સામે આવ્યું હતું. ચિલોડા પોલીસે રૂ.૨૬,૪૦૦ ની કિંમતની ૧૬ બોટલ કબ્જે કરી ફોન નંબરના આધારે તેમને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ૨૦૨૧માં ચીફ સેક્રેટરી અનિલ મુકિમ સાથે ૧૩ IAS અને સાત IPS ઓફિસર નિવૃત્ત થશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં આઈએએસ ઓફિસરોની ઓથોરાઈઝ્ડ સ્ટ્રેન્થ ૩૧૩ની સામે અત્યારે ૨૧૮ આઈએએસ ઓફિસરો ફરજ બજાવે છે જે પૈકી ૪૦ ટકા સેન્ટ્રલ ડેપ્યુટેશન પર છે. રાજ્યમાં ૨૦૨૧ના વર્ષમાં ચીફ સેક્રેટરી અનિલ મુકિમ સહિત કુલ ૧૩ ઓફિસરો વયનિવૃત્ત થઈ રહ્યાં છે. ચીફ સેક્રેટરીનો એક્સટેન્શનનો સમય ફેબ્રુઆરી મહિનો છે જેથી ૧લી માર્ચે ગુજરાત સરકારને નવા ચીફ સેક્રેટરી મળશે. આ પદ માટે કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયેલા ગુરૂપ્રસાદ મહાપાત્ર, મહેસૂલ અને ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમાર અને વન વિભાગના અધિક મુખ્યસચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાના નામની અટકળો ચાલી રહી છે. નવા વર્ષમાં જે ઓફિસરો નિવૃત્ત થવાના છે તેમાં --- દિલ્હી ડેપ્યુટેશન પર ગયેલા જેપી ગુપ્તા (ડિસેમ્બર) તેમજ ડો.વી થીરૂપુગ્ગાઝ (જૂન) વયનિવૃત્ત થશે. એ ઉપરાંત ડીબી રહેવર (જાન્યુઆરી), એમકે ડામોર (એપ્રિલ), આરજે હાલાની અને આરકે પટેલ (ઓગષ્ટ), આઈકે પટેલ અને આરઆર રાવલ (જૂન), એમજે ઠક્કર (ફેબ્રુઆરી), એવી કાલરિયા અને જીએચ ખાન (સપ્ટેમ્બર), વીએમ મેકવાન (ડિસેમ્બર)નો સમાવેશ થાય છે. એવી જ રીતે ગુજરાતના પોલીસ તંત્રમાં આઈપીએસ ઓફિસરોની કુલ ઓથોરાઈઝ્ડ સ્ટ્રેન્થ ૨૦૮ ઓફિસરોની છે જે પૈકી ૪૫ આઈપીએસ હાલ ડેપ્યુટેશન પર ગુજરાતની બહાર ફરજ બજાવી રહ્યાં છે. રાજ્યમાં ૨૦૨૧ના વર્ષમાં વયનિવૃત્ત થનારા આઈપીએસ ઓફિસરોની સંખ્યા સાત છે. આ ઓફિસરોમાં કમલ કુમાર ઓઝા (જાન્યુઆરી), કેશવકુમાર અને વિનોદકુમાર મલ્લ (એપ્રિલ), રાકેશ અસ્થાના અને એસકે ગઢવી (જુલાઈ), એચઆર મુલિયાણા (ઓગષ્ટ) અને એમકે નાયક (ઓક્ટોબર) વયનિવૃત્ત થઈ રહ્યાં છે.

## પગાર અને ભથ્થામાં મનમાની કરતાં બોર્ડ-નિગમના વડા પર નાણાં વિભાગે કાતર ફેરવી

**નાણાકીય લાભમાં બોર્ડ-નિગમની મનમાની નહીં ચાલે...**

કર્મચારીઓના પગાર અને ભથ્થાંમાં હવે બોર્ડ-કોર્પોરેશનની મનમાની નહીં ચાલે, કેમ કે રાજ્યના નાણાં વિભાગે એક ગંભીર બાબત પર સરકારનું ધ્યાન દોરીને એવા આદેશ કર્યા છે કે સરકારી કચેરીઓના કર્મચારીઓ કરતાં બોર્ડ-નિગમના કર્મચારીઓના પગાર અને ભથ્થાં વધારે હોવા જોઈએ નહીં. એવા કેટલાક કિસ્સા બન્યાં છે કે જેમાં સરકારી કચેરીઓના પગાર અને ભથ્થાં કરતાં વધુ રકમ બોર્ડ-નિગમના કર્મચારી મેળવી રહ્યાં હતા. જે તે નિગમના વડાએ કેન્દ્રના કર્મચારીઓને મળતાં પગાર અને ભથ્થાં જેવો સીધો આદેશ તેમના કર્મચારીઓ માટે કર્યો હતો. નાણાં વિભાગના ધ્યાનમાં આવી બાબત સામે આવતાં વિભાગે એવો આદેશ કર્યો છે કે બોર્ડ-નિગમના કર્મચારીઓને મળતાં પગાર અને ભથ્થાંમાં સુધારો કરતાં પહેલાં મંજૂરી લેવા આવશ્યક અને ફરજીયાત છે. કોઈપણ બોર્ડ-નિગમના વડા તેમના કર્મચારીઓના પગાર સહિતના ભથ્થામાં પૂર્વ મંજૂરી વિના સુધારો કરી શકશે નહીં. વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે કે કર્મચારીઓની સેવા કે નોકરીની બાબતમાં નાણાં વિભાગની મંજૂરી લેવાની રહેશે. વિભાગે સૂચિત કર્યું છે કેન્દ્ર સરકારના સમાન ધોરણે આપવામાં આવતા નાણાકીય લાભ પોતાની મેળે લેવામાં આવે છે તે ઉચિત નથી. વિભાગે તાકીદ કરી છે કે પૂર્વ મંજૂરી વિના આપવામાં આવેલા નાણાકીય લાભની વસૂલાત કરાશે અને સબંધિતોની જવાબદારી નક્કી કરી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

## સરકારી કંપનીઓનું ઓડિટ કરતાં CAનું આવી બન્યું, હવે વસૂલાત સાથે બ્લેકલિસ્ટ કરાશે

**સરકારી કંપનીના ગોટાળા રોકવા સ્પેશ્યલ આદેશ...**

સરકારી કંપનીઓમાં કામ કરતાં ઓડિટરોની જવાબદારી રાજ્યના નાણા વિભાગે સ્પષ્ટ કરી છે. આમ કરવાનું કારણ જે તે કંપનીઓમાં થતી ગેરરીતિ અટકાવવાનો ઉદ્દેશ છે. ગુજરાત સરકારની એક કંપનીમાં ઓડિટની કામગીરી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂક હુકમની શરતો અને સ્કોપ ઓફ વર્ક પ્રમાણે કરવામાં આવી નહીં હોવાથી આ કંપનીની કામગીરીમાં ગંભીર પ્રકારની બેદરકારી જોવી મળી હતી. એન્ટી કરપ્શન બ્યુરોની તપાસ દરમ્યાન એક કૌભાંડ બહાર આવ્યું હતું તેથી નાણાં વિભાગે એવો આદેશ કર્યો છે કે રાજ્યના વિવિધ બોર્ડ, કોર્પોરેશન, શહેરી વિકાસ સત્તામંડળો, વિવિધ સરકારી કચેરીઓ, સંસ્થાઓ અને ટ્રસ્ટમાં ઓડિટની કામગીરી માટે શરતો અને સ્કોપ ઓફ વર્ક પ્રમાણે ચાર્ટર્ડ એકાઉન્ટન્સની નિયુક્તિ ફરજીયાત કરવાની રહેશે. એટલું જ નહીં, ઓડિટ વિષયક કામગીરી તેમજ ઓડિટર દ્વારા કરવામાં આવેલા રિપોર્ટીંગમાં કોઈ ક્ષતિ અથવા ખામીઓ જણાય તો તેને ધ્યાને લઈ જે તે સરકારી સંસ્થાએ ગેરરીતિ સંદર્ભે વિવિધ પગલાં લેવાના રહેશે. આ પગલાંમાં ઓડિટ ફીમાં કપાત હોઈ શકે છે. ફી જપ્તી કરી શકાશે. પેનલ્ટી કે નુકશાન વસૂલી શકાશે. નિયુક્તિ રદ કે ઓડિટ કામગીરી સ્થગિત કરી શકાશે. જે તે સંસ્થા ઓડિટરને બ્લેકલિસ્ટ તેમજ તેને સસ્પેન્ડ કરવા સુધીના પગલાં પણ લઈ શકશે. ગેરરીતિ બદલ ઓડિટર સામે ફોજદારી કેસ સહિતના શિક્ષાત્મક પગલાં પણ લઈ શકાશે. નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી છે અને તેમના વિભાગે આવો આદેશ બહાર પાડ્યો છે.

**સોલાર કેમ્પેઇન છતાં થર્મલ પ્લાન્ટ પ્રથમક્રમે...**

ગુજરાતમાં હાલની સ્થિતિએ કુલ ૨૪ પાવર સ્ટેશનો છે જે પૈકી સૌથી વધુ ૧૦ પાવરસ્ટેશનો ગેસ આધારિત છે જે એક સમયે થર્મલ વિદ્યુત ઉત્પન્ન કરતા હતા. રાજ્યમાં હવાના પ્રદૂષણને ઘટાડવા માટે થર્મલ પાવર પ્લાન્ટની સંખ્યા ઘટાડવામાં આવી રહી છે. સરકારની નીતિ પ્રમાણે હવે થર્મલ પાવર પ્લાન્ટને અનિવાર્ય સંજોગો સિવાય મંજૂરી આપવામાં આવતી નથી. જો કે પ્લાન્ટની કેપેસિટી જોતાં એવું સામે આવે છે કે રાજ્ય સરકાર આજે પણ ૧૪૦૦૦ મેગાવોટ જેટલી વિશાળકાય વીજળી કેન્દ્ર અને રાજ્ય સ્થિત થર્મલ પાવર પ્લાન્ટમાંથી મેળવી રહી છે. રાજ્યમાં ગેસ આધારિત વીજ પાવર પ્લાન્ટની સંખ્યા વધારે હોવા છતાં તેની કેપેસિટી હજી ૪૫૫૦ મેગાવોટ થવા જાય છે. ગુજરાતમાં હાઈડ્રો પાવર પ્લાન્ટની સંખ્યા ચાર છે અને તેની કેપેસિટી ૭૭૯ મેગાવોટ છે જ્યારે એટોમિક એનર્જી ઉત્પન્ન કરતો એક પ્લાન્ટ છે અને તેની કેપેસિટી ૫૫૯ મેગાવોટ છે. ગુજરાત વીજળી ઉત્પાદનમાં સરપ્લસ રાજ્ય હોવાનો દાવો થાય છે પરંતુ સૌથી વધુ ઉત્પાદન અત્યારે થર્મલ પાવર પ્લાન્ટની મદદથી લેવાઈ રહ્યું છે. જો કે ગુજરાતે સોલાર પાવર પ્રોજેક્ટમાં અપ્રતિમ સફળતાં હાસલ કરી છે. ૩૧મી જુલાઈ ૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સોલાર પ્રોજેક્ટની કેપેસિટી ૩૧૨૭.૮૮ મેગાવોટ થઈ છે. સોલાર પાવર પૈકી રૂફટોપ પ્રોજેક્ટની ઈન્સ્ટોલ કેપેસિટી ૬૭૫.૨૨૩ મેગાવોટ નોંધવામાં આવી છે. બીજી તરફ વિન્ડ પાવર પ્લાન્ટની કેપેસિટી વધીને ૭૫૨૩.૪૫ મેગાવોટ જોવા મળી રહી છે. એટલે કે ગુજરાત ગ્રીન ઉર્જામાં અગ્રેસર રાજ્ય બનતું જાય છે તેવા સરકારી દાવા સફળ થઈ રહ્યાં છે.

## ગુજરાતમાં સરકારી જમીન પર દબાણનું આધિપત્ય, ૧૬૫ ઠરાવ પણ લાકડાની તલવાર બન્યાં

**દબાણ અને કલેક્ટર – એક સિક્કાની બે બાજુ છે...**

ગુજરાત સરકારમાં સૌથી મોટો માથાના દુખાવા જેવો પ્રશ્ન સરકારી જમીન પર દબાણો અંગેનો છે. સરકાર સમયાંતરે આદેશો બહાર પાડે છે તેમ છતાં સરકારી જમીન પરના દબાણો સંપૂર્ણપણે દૂર થઈ શકતા નથી. જિલ્લા કલેક્ટરોને વારંવાર સૂચનાઓ આપવા છતાં આ મુદ્દો કાયમી ધોરણે પડતર રહે છે. સચિવાલયમાં જ્યારે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની બેઠક મળતી હોય છે ત્યારે સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની બાબત એડન્ડામાં હંમેશા પ્રથમ જોવા મળતી હોય છે. આ હેતુસર સરકારે ૧૬૫ જેટલા ઠરાવો અને આદેથ બહાર પાડ્યા છે તેમ છતાં સરકારી જમીન પરના દબાણોનો પ્રશ્ન યથાવત રહ્યો છે. મહેસૂલ વિભાગે એવું સાબિત કર્યું છે કે મહેસૂલી વહીવટ આંટીઘૂંટીવાળો છે. છેલ્લા કેટલાક વર્ષોથી વહીવટી પ્રક્રિયાને સરળ બનાવવાના પ્રયાસો થઈ રહ્યાં છે અને તેના ભાગરૂપે વિવિધ સુવિધાઓ ઓનલાઈન કરી દેવામાં આવી છે તેમ છતાં જમીન પરના દબાણો અંગે કોઈ ચોક્કસ નીતિ બનાવી શકાઈ નથી. થોડાં સમય પહેલાં સરકારી જમીનો પરના દબાણો અંગે રાજ્યના મહેસૂલ વિભાગના મંત્રી કૌશિક પટેલે એકશન પ્લાન તૈયાર કર્યો છે. આ પ્લાન પ્રમાણે રાજ્યના ક્યા જિલ્લામાં કેટલી જમીન પર સરકારી દબાણ છે તેની માપણી કરવામાં આવી રહી છે. રાજ્યમાં એકમાત્ર વડોદરા જિલ્લો એવો છે કે જ્યાં સરકારી જમીન પર જ્યાં દબાણો છે તે જમીન શોધવા માટે મોબાઈલ-જીપીએસના માધ્યમથી જિયોટેગીંગ પદ્ધતિથી સર્વેની કામગીરી કરી છે જે આખા રાજ્ય માટે ઉદાહરણરૂપ છે. હવે આ પદ્ધતિ પ્રમાણે રાજ્યભરમાં સર્વે હાથ ધરવામાં આવ્યો છે. એ ઉપરાંત ડ્રોનની મદદથી પણ સર્વેનું કાર્ય ચાલી રહ્યું છે.